ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૨૨૪/૨૦૨૩, તા.૨૬/૦૬/૨૦૨૩

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/30/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૯/૦૬/૨૦૨૩ થી તા.૨૫/૦૬/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

બગવદર પો.સ્ટે. જા.જોગ.નં.૦૮/૨૦૨૩ તા.૧૩/૬/૨૦૨૩ અન્વયે ગુમ થનાર રીનાબેન W/O બાબુભાઇ કારાવદરા ઉ.વ.૩૪ વર્ષ રહે.સોઢાણા ગામ સીમ વિસ્તાર, જી.પોરબંદર વાળીને તા.૧૯/૬/૨૦૨૩ ના રોજ બગવદર પો.સ્ટે.ના પોલીસ હેડ કોન્સ. એલ.ડી.સીસોદીયા નાઓએ પુંજાપરા ધાર રાણા કંડોરણા તા.રાણાવાવ જી.પોરબંદરથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા, કોલેજ માં ચર્ચા/ડીબેટ અથવાતો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યા હોયઃ-**

તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ દ્વારા ભોજેશ્વર વિસ્તારમા આવેલ રૂપાડી બા કન્યા શાળામા તથા તા. ૨૨/૦૬/૨૦૨૩ ના રોજ વી.જે.મોઢા કોલેજ તથા તા.૨૪/૦૬/૨૦૨૩ ના રોજ બાલુબા સ્કુલ ખાતે મહીલા પોલીસ સ્ટેશનના PI શ્રી આર.એમ.રાઠોડના માર્ગદર્શન હેઠળ મહિલા સબંધી ગુન્હાઓનુ પ્રમાણ ઘટાડવા, બાળકોમા ડ્રગ્સના સેવનથી થતા નુકશાન અંગે, સાયબર ક્રાઇમ વિષે જાગૃતિ લાવવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇનનો ઉપયોગ કરવા અંગે પોરબંદર મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.એમ.સૈયદ તથા મહિલા પોલીસ સ્ટાફ દ્વારા ડ્રગ્સના સેવનથી થતા નુકશાન અંગે તથા ડ્રગ્સ નુ સેવન ન કરવા અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો બાળકોને સાયબર ક્રાઇમ વિષે તેમજ ઇ.એફ.આઇ આર. અંગે માહિતગાર કરવામા આવ્યા. તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે તેમજ ઘરેલુ હિંસાના બનાવ,મહિલાઓની છેડતીના બનાવને લગતા કોઇ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ. આ ઉપરાંત સાયબર ફ્રોડ, ઘરેલુ હિંસા, છેડતી તથા મહિલા/યુવતીને અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે બાબતે જાણકારી પુરી પાડવામાં આવી હતી. મોબાઈલમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવા ને બદલે તાત્કાલિક વડીલો ને અથવા પોલીસને જાણ કરી દેવી જોઈએ. જે બાબતની જાણકારી આપાવામા આવી.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) હાર્બર મરીન પો.સ્ટે. ના સ્ટાફ દ્વારા તા.૧૯/૦૬/૨૦૨૩ થી તા.૨૫/૦૬/૨૦૨૩ દરમ્યાન સિલ્વર શી ફુડ કંપનીમાં કામ કરતી મહીલાઓની મુલાકાત લઈ મહિલાઓનુ સાયબર ક્રાઈમ, ૧૮૧ હેલ્પ લાઈન, ઘરેલુ હિંસાના બનાવ તથા મહીલાઓને છેડતીના બનાવને લગતા કોઈ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનુ જણાવવામાં આવેલ અને રાત્રીના સમય દરમ્યાન કામ પરથી મહીલા/યુવતુઓને કોઈ પણ જાતની તકલીફ/હેરાનગતી હોય તો ૧૦૦ નંબર ફોન કરવા જણાવવામાં આવેલ. તેમજ મહીલા અત્યાચારનેલગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહીતી/કાનુની સાહય અને રક્ષણ કેવી રીતે કરી શકાય તે બાબતે જાણકારી પુરી પાડવામાં આવેલ.

(૨) મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ મહીલા હેલ્પ લાઈન વિશે તેમજ શી ટીમની કામગીરી વિશે માહીતગાર કર્યા. તેમજ સીનીયર સીટીઝનની મુલાકાત તેઓને કોઈ મુશ્કેલી હોય પોલીસનો સંપર્ક સાધવા અંગે જરૂરી સમજ કરવામાં આવેલ.

તા.૨૨/૦૬/૨૦૨૩ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સીનીયર સીટીઝનની મુલાકાત લેવામાં આવેલ અને હેલ્પલાઈન નં.નં.૧૪૫૬૭ વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા મહિલાઓની મુલાકાત કરવામા આવી તેમજ તેમને કોઇ મુશ્કેલી હોયતો પોલીસનો સંપર્ક સાધવા માહિતગાર કરવામા આવ્યા

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) ઉદ્યોગનગર પો.સ્ટે.મા તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ સાંજના સમયે પો.હેડ.કોન્સ. આર.જે.ગલ તથા લોકરક્ષક વજુભાઈ રાજાભાઈ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ધરમપુરના પાટીયા પાસે આવેલ ખોડીયાર માતાજીના મંદીરે એક અજાણ્યો પુરૂષ રહેતો હોય. જેથી આ પુરૂષની પુછપરછ કરતા પોતે ખોડાભાઈ વિહાભાઈ સોંડલા ઉ.વ.૪૦, રહે.ચંદરવા ગામ, તા.રાણપુર, જી.બોટાદ વાળા ઓય અને પંદરેક દિવસથી અહી રહેતા હોય. તેમજ પોતે છએક માસથી પોતાના પરીવારને કાઈ કહ્યા વગર નીકળી ગયેલ હોવાનુ જણાવતા, પો.સ.ઈ. અમે.એલ.સોલંકીને ઉપરોક્ત હકીકતની જાણ કરી, મજકુરને પોલીસ સ્ટેશન ખતો લાવવામાં આવેલ અને ટેકનીકલ સોર્સ અને હ્યુમન સોર્સના માધ્યમથી મજકરે ઉપરોક્ત જણાવેલ સરનામે તપાસ કરતા તેમના પરીવારના સભ્યોનો સંપર્ક કરતા જણાવેલ કે, ખોડાભાઈ છેલ્લા છએક માસથી જતા રહેલ હોય અને તેઓ તેમની શોધ ખોળમાં હોવાની હકીકત જણાવતા, ખોડાભાઈને પોલીસ સ્ટેશન ખાતે દેખરેખ હેઠળ રાખેલ અને તેમના પરીવારનો તા.૨૪/૦૬/૨૦૨૩ ના રોજ ખોડાભાઈને તેમના પરીવારના સભ્યો સાથે મીલન કરાવી. પોલીસ પ્રજાનો મિત્ર છે. તે સુત્રને સાર્થક કરી, પ્રશંશનિય કામગીરી કરેલ છે.

(૨) મહિલા પોલીસ સ્ટેશનના PI આર.એમ.રાઠોડ દ્વારા તા.૨૫/૦૬/૨૦૨૩ ના રોજ બાલુબા સ્કુલ ખાતે મહિલા સબંધી ગુન્હાઓનુ પ્રમાણ ઘટાડવા અને બાળકોમા ડ્રગ્સના સેવનથી થતા નુકશાન અંગે તેમજ સાયબર ક્રાઇમ વિષે જાગૃતિ લાવવા તેમજ પો.સબ.ઇન્સ કે.એમ.સૈયદ સાહેબ તથા મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમાં આવેલા ક્રિકેટ ગ્રાઉડમાં બાળકો તથા યુવાનોને ડ્રગ્સના સેવનથી થતા નુકશાન અંગે તથા ડ્રગ્સ નુ સેવન ન કરવા અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો બાળકો તથા યુવાનોને સાયબર ક્રાઇમ વિષે તેમજ ઇ.એફ.આઇ.આર. અંગે માહિતગાર કરવામા આવ્યા. તેમજ. સાયબર ફ્રોડ તેમજ મોબાઈલમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવા ને બદલે તાત્કાલિક વડીલો ને અથવા પોલીસને જાણ કરવા સમજ કરેલ.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર